## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

રાખમાંથી એજ બેઠાં થાય છે,
નામના એની જગતમાં થાય છે.

હરતરફ ફેલાઈ છે સોડમ અને,
ફેફસાં પણ શ્વાસ લેતાં થાય છે.

એ જ ગંધાઈ રહે જે કેદ છે,
આ ઝરણ ખળખળ વહેતા થાય છે.

ઠાવકાઈથી બધું સાચું કહે,
એટલે લોકો અદેખા થાય છે.

- ડો. નિલેશ ચૌહાણ નીલ

### પાથેય

- રમેશ ઠક્કર

પડી જવું એ કોઈ મોટી ઘટના નથી આપણે જ્યારે ચાલીએ છીએ ત્યારે ઠેસ વાગવાની શક્યતા રહેલી જ હોય છે.જ્યારે દોડ લગાવીએ છીએ ત્યારે ક્યારેક અથડાઈ પડવાનું જોખમ પણ રહેલું હોય છે.સાહસમાં લાભ અને નુકસાન એવા બે અંતિમો રહેલા હોય છે. સફળતા અને નિષ્ફળતા એક સિક્કાની બે બાજુ છે.એ બંનેના સમન્વયથી જ જીવન ચાલતું રહે છે.અહીં એવી કેટલીય ઘટનાઓ ઘટતી રહે છે.લોકો કારણ વગર એકમેકને ટપારે છે.એક આ બીજા વિશે ઘસાતું બોલે છે.કોઈકની ઈર્ષા કરે છે.આ સહજ ગણી શકાય એવો ઉપક્રમ હોય છે. આપણે એ વચ્ચે જ જીવવાનું છે. કોઈક માણસ ધરાશાયી થઈ જાય એની પર જાણે રાહ જોવાતી રહે છે. એવાય લોકો હોય છે જે ખતમ થઈ ગયા પછી પણ ઉભા થઇ જાય છે.ભસ્મીભૂત થયા પછી જે રાખ પેદા થતી હોય છે એ રાખ ઘણાના માટે ફરીથી બેઠા થવાનું કારણ બની જાય છે."જો ડર ગયા વો મર ગયા". ડર્યા વગર જે ટકી રહે છે અને ફરીથી બેઠા થનારને જ જગત સ્વીકારતું હોય છે.

સુગંધ એ કોઈ ભૌતિક ઘટના નથી.સૂક્ષ્મ રીતે અવનવી સુવાસ પ્રગટતી રહે છે.કોઈકના સદકાર્યોની સુવાસ આપણને પુલકિત કરે છે.કોઈકના વ્યક્તિત્વની મહેંક આપણને સ્પર્શી જાય છે. આપણાં ફેફસાં એમ જ શ્વાસ લેતા હોય છે.હસ્તરેખા એ બીજું કાંઈ નથી આપણી મહેનતનું ફળ હોય છે.મહેનત થકી મળતી સુવાસ એ જ સાચો આનંદ બની રહે છે.બંધીયારપણું માણસની મર્યાદા બની જાય છે.આપણે હંમેશા સલામત જગ્યા શોધીએ છીએ.કોઈ જરીકવાર માટે પણ ડિસ્ટર્બ કરે એ આપણને ગમતું નથી.માણસ ઘણી વાર એકલો પડી જાય છે.એક રીતે જોઈએ તો આ એક પ્રકારની કેદ જ ગણાય. ખળખળ વહેતું ઝરણું કેવું નિર્દોષપણે વહેતું રહે છે ? માણસે પણ બંધિયાર ગલી છોડીને ખુલ્લા વહેણમાં ખળખળ વહેવાની કલા શીખી લેવા જેવી છે.

આપણી આસપાસ સારું લાગે;બહારથી થયેલા મેકઅપ જેવું લાગે એવું બોલનારા અનેક લોકો મળી જાય છે. સાચું કહેવામાં લોકો નફાતોટાનો પૂરતો ખ્યાલ રાખે છે.કારણવગર કોઈ માણસ બીજાને ખોટું લગાડતો નથી. આમાં વ્યવહારિક અભિગમ રહેલો હોય છે.કેટલાક લોકો ઠાવકાઈથી બહુ તોલી તોલીને બોલવામાં હોશિયારી સમજે છે. આવા લોકો હકીકતમાં પોતાના જે સાચા મનોભાવો છે એને દબાવી રાખે છે.એમની વાણીમાં એક પ્રકારનો દંભ જાણેઅજાણે આવી જાય છે. જે લોકો ઠાવકાઈથી સાચું કહી દેવાની ટેવ ધરાવે છે એ લોકો માટે અદેખાઈ મનો ભોગ બની જાય છે. માનવ સંબંધોની આ સંકુલતા પણ જોવા જેવી છે...!

# મૃતઃપ્રાય થવાના આરે આવેલી એક સમાજ વ્યવસ્થા : સગડી

### જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી



ઘરે એકલા હોએઈ ત્યારે સવારે ઉઠી, કોગળા કરી, મો ધોઈને રસોડામાં ચા બનાવવાનું પાત્ર ભરી ગેસ સ્ટવ પર મૂકીએ, એક હાથે સ્ટવનું ગેસ ઓન કરતું બટન ફેરવીએ અને બીજા હાથમાં રહેલું લાઈટર બે ત્રણ ક્લિક ક્લિક અવાજ કરે ત્યાં જ અગ્નિદેવ પ્રગટ થાય અને સવારનું તાજગીપૂર્ણ પીણું ઉકળવા લાગે અને ગણતરીની મિનીટ્સમાં જ તૈયાર. આજથી આશરે ૩૫ વર્ષો પૂર્વે ૧૯૮૫-૮૬ના વર્ષમાં આવા જ એક દિવસે અમરેલી જિલ્લાના વડિયા-દેવળી રેલવે સ્ટેશનના ક્વાર્ટરમાં ભળભાંખળુ થયાના સમયે કોયલ, કાગડા અને કાબરોના કલબલાટ વચ્ચે મારી નિંદર તુટે છે, હું ઉભો થઈને ડોલમાંથી પ્લાસ્ટીકનું ડબલુ ભરીને બહાર આવેલી ઘેઘુર પીપરના ઓટલા પર બેસી બાવળનું દાંતણ કરતો કરતો આજુબાજુમાં પ્રસરેલી પ્રકૃતિદેવીના લહેરાતા અસ્તિત્વને અનુભવવા મથામણ કરી રહુ છું.

દાતણ ચાલુ થાય એ પહેલાં તેલના ખાલી ડબ્બામાંથી બનાવેલી સગડીમાં સિસ્ટમેટિક કોલસા ભરું, નીચે થોડા લાકડા નાખી, કાગળના ડુચા અને તેના પર થોડુ કેરોસીન છાંટીને અગ્નિ પેટાવું. લાંબા હેન્ડલવાળી આ સગડીને બહાર ખુલ્લામાં પવન ફૂંકાતો હોય એ દિશામાં તેનું મોં રાખીને મૂકીને પવનના પ્રભાવમાં પ્રસરતી નાનકડી આગને વિસ્તરતી જોઈ રહુ છું.

સગડી ધખતી થઈ જાય ત્યાં સુધીમાં મારુ દતણ થઈ ગયું હોય, એલ્યુમિનીયમની તપેલીમાં બકરીના દૂધમાં ચાની ભૂકી, ખાંડ નાખીને લાલચોળ ધગધગતી સગડી પર મુકવાની. મજાની વાત એ કે ખુલ્લામાં બની રહેલી આ ચાને કુદરતી રીતે વાતો પવન જ ઉભરાવા જ ન દે. ઉકળતી ચા, તેની સુગંધ નાકમાંથી પ્રવેશીને મારા સમગ્ર અસ્તિત્વમાં પ્રસરી જાતી.

ઉકળી ઉકળીને રગડા જેવી બની ગયેલી મીઠી મધ ચા, સ્ટીલની કીટલીમાં ભરીને ચાર-પાંચ અડાળીયુ લઈને રાશવા છેટે આવેલા વડિયા-દેવળી રેલવે સ્ટેશનમાં ફરજ પર સદૈવ તત્પર એવા મારા સામ્યવાદી પિતા એટલે કે "કોમરેડ જનક ત્રિવેદી" પાસે જતો. મને ઓફીસમાં આવતો જોઈને ખુશ થઈને કહેતા "આવી ગયા . . . એમ ને ? જેઠાલાલ, આની પાહેથી ચા લઈને બધાયને પીવડાવો". અંગ્રેજના સમયના સીસમના બનેલા વિશાળ ચકચકીત ટેબલની બન્ને બાજુ બેઠેલા અમે બાપ-દિકરો "અમૃત"ની ચુસકીઓ લેતા જતાં. કોઈ ખાસ વાત ન થતી, છતાં ઘણી વાતો થઈ જતી અમારી વચ્ચે. મારા અને પિતાજી વચ્ચે એક વણ-લખી સમજૂતિ થયેલી . . . એમની નોકરી સવારે હોય તો શાળાએ જતા પહેલાં મારે જમવાનું બનાવીને જવાનું અને સાંજે એમણે બનાવવાનું.

વડિયા એમની સાથે રહેવા માટે ગયો ત્યારે, આશરે એક-દોઢ મહિનો લાગલગાટ જમવાનું તેમણે જ બનાવેલું અને મેં ઝાપટેલું! પણ એ દરમિયાન એમણે મને રાંધણ-કળાની બારીકિઓ અને ખાસ તો "સગડી પેટાવવા"ની કળાથી અવગત કરેલો. રાંધણકળાના મારા સ્વ-પ્રયોગોના પ્રથમ પ્રયાસને વખાણ કરતા કરતા જમતી વખતે તેમના મોં પર જે આનંદ હતો, એ મારી રાંધણ-કળા સારી હતી એનો નહોતો, પરંતુ દિકરો જાતે બનાવતો થયો એનો હરખ હતો.

તેલના ખાલી ડબ્બાને સગડીમાં રુપાંતરિત કરતા કળાકારો આજે પણ સૌરાષ્ટ્રમાં સાયકલ પર ઉપલબ્ધ હોય છે. આયોજનબધ્ધ રીતે પતરાના ડબ્બાને કાપવો, કાણા પાડી લોખંડના સળીયાની બાર્બેક્યુ જાળી બનાવવી, પછી ગારમાટીથી એના અંદરના ભાગે એક તંદૂર જેવી રચના કરીને તૈયાર થાય આ સગડી.

રૂપાળી મજાની સગડી બની જાય એટલાથી જ જંગ જીતી ન જવાય. તેને પેટાવવી પણ એક કળા છે. સળીયાની જાળીની ઉપર પ્રથમ ઝીણી-કોલસીના બદામ કોલસાનું એક થર ગોઠવાય, તેની ઉપર આવે લાકડીયા અધ-બળેલા કોલસાનું લેયર આવે અને છેલ્લે સૌથી મોટી સાઈઝના કોલસા આવે. કોલસાની આ ગોઠવણમાં જો સરતચૂક થઈ, તો તેની અસર ભોજનની ક્વોલિટી પર પણ થઈ શકે છે. આ સગડીમાં જે દવ હોય એને કન્ટ્રોલ કરવો પણ એક કળા છે. અગ્નિની ઝાળ તો વધી જાય તો શાક-દાળનો વઘાર બળી જાય, ઓછી હોય તો રોટલી કાચી રહી જાય કે ચવ્વડ બની જાય. આવા કિસ્સામાં સગડીની નીચેથી એક લોખંડનો સળીયો નાખીને કોલસા ખેરવવા પડે, અને ઝાળ જો ઓછી પડે તો, ઉપરનું પાત્ર સાણસીથી ઉંચકીને ઉપરથી બે ચાર લાકડીયા કોલસા ઉમેરવા પડે!

આજના ભોજનમાં કોલસીના ધુમાડાની સુગંધ નથી, સગડી પેટાવવાની જહેમતનો પરસેવો નથી, ધુમાડે લાલઘૂમ થયેલી આંખો નથી, અને કોલસી ખેરવવા કે ઉમેરવાની જફા નથી. સરવાળે, સગડી-કલ્ચરની સાથે સાથે ભોજનનો અદ્દલ દેશી સ્વાદ પણ મૃતઃપ્રાય થઈ રહ્યો છે! આના માટે હું કોઈ વ્યક્તિ કે સમાજ-વ્યવસ્થાને દોષ નથી આપતો, પરંતુ બદલાઈ રહેલી સમાજ વ્યવસ્થાને કારણે બદલાઈ રહેલા મનોવલણોથી ક્યારેક વ્યથિત જરૂર થવાય . . . પરંતુ હરપળ બદલાઈ રહેતી દૂનિયા અને તેના તૌર-તરીકા અમારા જેવા લોકોને નોસ્ટેલ્જિક જરૂર બનાવે છે. આજે ગુજરાતના પાટનગરમાં કુટુંબીઓ સાથે બહાર જમવા જઈએ ત્યારે ચુલ્હા પર રાંધેલું જમાડતી હોટેલ્સ દેખાય. લોકો હોંશે હોંશે તેમાં જમવા પણ જાય અને માત્ર કોલસાની ધૂમાડી આપેલા ભોજનને ચુલા ઉપર રંધેલું ફૂડ માનીને જમી લે. પરંતુ સગડીના તાપે બનેલું ભોજન જમ્યા હોય એ સ્વાદનો ફરક જાણતા જ હોય. આજે મૃતઃપ્રાય થઈ ગયેલી સગડી આવી અનોખી પરંપરાનો એક નમૂનો માત્ર છે. હકીકતે તો ગ્રમ્ય જીવનની આવી અનેક જીવન પદ્ધતિઓ ધીમે ધીમે અદૃશ્ય થઈ રહી છે. આ સગડીઓ માત્ર એક પરંપરા નહોતી, પરંતુ ભારતીય ઈકોનિમીનું અને મધ્યમવર્ગના લોકોની કરકસરનું પણ એક મહત્વનું પાસુ હતું. સગડી પૈસા બચાવી ખીસ્સાને હુંફ આપતી, સાત્વિક ભોજનથી લોકોના પેટમાં ગરમાટો લાવતી અને શિયાળે કડકડતી ઠંડીમાં લોકોના તાપણાની ગરજ પણ સારતી.

**હેન્ડબ્રેક :**

"પરંપરા એ રાખની પૂજા નથી,
પરંતુ અગ્નિની જાળવણી છે."

- ગુસ્તાવ માહલર

-ધ.ત્રિ.
djtrivedi@yahoo.com
-૯૯૭૮૪૦૫૯૬૭

# "પીડા ભોગવ્યાં કરે પગના વાઢિયા જોઈ ને મંજીલ ચરણમાં હોય એમ પણ બને. સુખ અને દુઃખ નસીબ ના પડીકામાં હોય ને પડીકું ઝાંઝવા જેવું હોય એમ પણ બને"

### એમ પણ બને !
પારૂલ અમિત



મત કર યકીન અપને હાથો કી લકીરો પે ,
નસીબ ઉનકે ભી હોતે હે જિસકે હાથ નહિ હોતે !

ઉપરની પંક્તિ ઘણું બધું કહી જાય છે.

શું જેમના હાથ નથી હોતા એમના નસીબ નથી હોતા.

જો હસ્તરેખા જ નસીબદાર બનાવતી હોય તો એ દરેક માણસ શું માણસ નથી હોતો જેમના હાથ નથી હોતા.

અમુક માણસો તેમની હથેળીની રેખાઓમાં વિશ્વાસ રાખીને બેસી રહે,એ લોકો ક્યારેય જીવનમાં આગળ નથી આવતા. કારણ મહેનત અને આત્મવિશ્વાસ વગર કશું જ શક્ય નથી હોતું.

મહેનત વગર જીવનમાં સફળ થવાનો આનંદ મેળવી શકાય જ નહીં. ઘણાં હાથ વગરના વ્યક્તિ પ્રેરણાદાયી નીવડયા છે.

દરેક માણસ નસીબ લઈને જ આવ્યો છે એવું વારંવાર આપણે સાંભળતા હોઈએ છીએ.

પરંતુ આપણા વિચારો થકી અને આપણા કર્મ અને મહેનત થકી આપણુ નસીબ બદલવાની કે ચમકાવવાની સત્તા આપણા હાથમાં જ છે.

આપણે આપણુ નસીબ બદલવા માટે કોઈના પાસે નસીબની ભીખ માંગવાની જરૂર નથી, આપણા સકારાત્મક વિચારો અને સારાં કાર્યો જ આપણને સફળતા અપાવે છે.

નસીબ, નસીબ કરી પડ્યા રહીએ તો કશું પ્રાપ્ત થવાનું નથી. આપણા ખોટા અને નકારાત્મક વિચારો મન પર હાવી થઇ વિચારોનુ વંટોળ કરી માનસીક પર સંતુલન ગુમાવી દે છે

આપણે ઉચ્ચ અને શ્રેષ્ઠ બનાવાની જ ઈચ્છા રાખી, એ મુજબના તમામ પ્રયત્ન કરી લેવા જોઇએ, નહીં કે નસીબમાં હશે તો જ મળશે એમ વિચારી હાથ માં હાથમાં નાખી બેસીને એ દિવસનો વિચાર કરવો કે હથેળીમાં હશે એ મળશે.

"નસીબ હોય જો વાંકા તો એ બદલી શકાય જરૂર
"મેં ઝરણાં થી પણ પથ્થર માં ખાડા પડતા જોયા છે

બસ નક્કી કરો કે નસીબના વાંકે નકારાત્મક વિચારવું નથી, કુદરત પાસે અઢળક ખજાનો છે, જેમાં મારાં હિસ્સો મારાં હોસલા જેટલો છે, જે મારે લેવાનો છે

આપણે કેટલાકને કહેતા સાંભળ્યા છે કે "મારું તો નસીબ જ ખરાબ છે." તો કેટલાકને "નસીબ જેવુ કાંઈ નથી હોતું, મહેનતથી જ બધુ પ્રાપ્ત થાય છે." કહેતા સાંભળ્યા છે.

આ બધી વાતો મન બહેલાવવાની જ હશે.

કારણ જો હસ્તરેખા માં સુખ, ગાડી, બંગલો, અને ઉચ્ચ કક્ષાની નોકરી હશે એવું લખ્યું હશે જે કોઈએ તમને કહ્યું, તો શું એ બેઠાં બેઠાં મળશે.

અને જો આવું જ હોય કે હથેળીની રેખા નક્કી કરે ભૌતિક સુખ અને આનંદ તો હવે તો પ્લાસ્ટિક સર્જરીનો જમાનો છે, આપણે હિરોઈનને

બ્રેસ્ટ, નાક, હોઠની પ્લાસ્ટિક સર્જરી કરી બદલાવ જોયા છે, તો ઐશ્વર્યા રાય બચ્ચનની હાથની રેખાને પ્લાસ્ટિક સર્જરી દ્વારા આપણા હાથમાં કરાવી દેવાય.

જો નસીબ એમ જ બદલાતા હોય તો.

પણ વળી આ નસીબ કઈ બલાનું નામ છે?

જો આપણે બધાથી કંઈક અલગ કરવું હશે જીવનમાં તો નસીબની રેખાને સમજવી જ પડશે.

મારાં મતે નસીબની વ્યાખ્યા એટલે

કરેલા કર્મોના આધારે આપણાં જીવનમાં ... ધારી
ઘટનાઓ કે જેના વિશે આપણને કંઈ જ ખ... ોતી,
એક સસ્પેન્સ હોય છે અને સસ્પે...
આપણામાં હોતો નથી એટલે બ...
ઘટે અને એને આપણે માત્ર ...
મજબૂત ઈરાદાથી બદલાવ લાવવ...
અને બદલાવ એ જ નસીબ.

"નસીબ"ને આપણાં નિયં...
પણ નથી જ.

બસ આત્મવિશ્વાસ જરૂ...
નસીબ બદલી શકે છે, અને આ...
આપે છે.

જીવનમાં કોઈ પણ તકલીફો આવે તો ડગા શે જરુર થોડીવાર પણ એ ડગમગાવાની ઘટનાને માણી લેવી, અનુભવ કરી લેવો જરૂરી છે, આપણે ઘણીવાર પૈસા ખર્ચીને ઊંચા ચકડોળમાં કે ભૂત બંગલા જોવા જતા હોઈએ છીએ.

શા માટે સમય અને પૈસા ખર્ચી આવા શોમાં જતા હોઈએ છીએ વિચાર્યું છે કદી?

બનાવનારે પણ શા માટે બનાવ્યુ હશે? માત્ર રોમાંચ અને આનંદ અને ખડખડાટ હાસ્ય માટે.

તો અમુક ગંભીર, વાંકીચુકી અને ડરાવની પરિસ્થિતિ બની શકે કે કંઈક રોમાંચ અને ભવિષ્યના આનંદ માટે આવી હોય જીવનમાં.

કંઈક નથી મળ્યું એનો અફસોસ ક્યારેય નહીં કરવાનો, કારણ આપણા જેવી જિંદગી જીવવાની તમન્ના ઘણાં

કરતા હશે. કારણ આપણી લાઈફ સ્ટાઇલ બીજાની નજરમાં શ્રેષ્ઠ છે, તો ચાલો એમની નજરથી આપણામાં ડોકિયું કરીએ અને બોલી પડીએ વાઉ વોટ અ લાઈફ, યાર લવ યુ જિંદગી.

સારુ અને સરસ આમાં જ જીવન હોય તો ઈશ્વર શા માટે કૃષ્ણ બની રાધાનો વિયોગ ભોગવે?

રામનું ચૌદ વર્ષ વનવાસ કેમ ભોગવે?

વિચારો વિચારો? કારણ અમુક પરિસ્થિતિ બીજાના જીવનને ઉચ્ચ બનાવવાના દ્રષ્ટાંત માટે હોઈ શકે. બાકી બધું બધું સારુ સારુ ભોગવવું હોય તો સ્વીકારી લેવાનું

જે થવાનું છે, તે તો થઈને જ રહેશે.

બસ એને સ્વીકારીને આગળ વધવું અને જીવનને માણવું.!

હાથની લકીર ડૂબાવી શકે એવું અસ્તિત્વ ક્યાં મારું?

બદલાયેલા વલણને હું રણમાં ય તરતા રાખું છું,

હસ્તરેખાની વાત કરે કોઈ જો,તો હું મુઠ્ઠી વાળી નીકળું છું,

કપરા માર્ગ, દાવપેચ ને કાવાદાવા લાગે નહીં જીવનની સફરમાં

એટલે મારી લાગણીઓને અભણ રાખું છું"

- Parulamit198@gmail.com
- ૭૨૦૧૦૦૧૪૮૨

# 'કાંતારા' - જુદા વિષયવસ્તુવાળી ફિલ્મ...





### મન-રંજન
દ્વનિલ પારેખ



દક્ષિણ ભારતમાં જે પ્રકારની ફિલ્મો બને છે એના વિષયવસ્તુ અને એની માવજતની રીતે એ જુદી પડે છે. હિન્દી ફિલ્મો મોટે ભાગે અનુકરણથી આગળ વદતી નથી. એટલે ક્યાં એ દક્ષિણની ફિલ્મોનું અનુકરણ કરે છે. અથવા તો ડબિંગ કરીને કામ ચલાવે છે. બહુ બહુ તો હોલીવુડની ફિલ્મોની નકલ કરે છે. અને 'લાલસિંહ ચઢ્ઢા' જેવી ફિલ્મ દર્શકોના માથે મારે છે. હમણાં અજય દેવગણ અને અક્ષાય ખન્ના અભિનિત 'દૃશ્યમ-૨' રજૂ થઈ છે જે પણ દક્ષિમ ભારતની ફિલ્મની નકલ છે. 'દૃશ્યમ-૧' રજૂ થઈ ત્યો એ એકદમ પ્રભાવક સાબિત થઈ હતી. પણ જોવાનું એ રહે છે કે 'દૃશ્યમ-૨' પ્રભાવક રહે છે કે કેમ ? પણ વાત તો આજે રિષભ શેટ્ટી લિખિત - દિગ્દર્શિત અભિનિત ફિલ્મ 'કાંતારા'ની કરવી છે.

દક્ષિણ ભારતની આદિવાસી પ્રજા અને એમાં પણ ખાસ કરીને કર્ણાટકના આદિવાસીઓ, એમની પરંપરા અને જંગલો પ્રત્યેય એમની મમતા આ બધી બાબતોને કેન્દ્રમાં રાખીને આ ફિલ્મ બનાવવામાં આવી છે. સમજી શકાય છે, કે જુદા વિષયવસ્તુ ને લેખક અને દિગ્દર્શકે કેન્દ્રમાં રાખ્યો છે, અને એની માનવજત પણ એ રીતે કરવાનો દિગ્દર્શકે પ્રયત્ન કર્યો છે. પણ ફિલ્મની પટકથા હજી ચુસ્ત હોત તો ફિલ્મ ધાર્યું લક્ષ્ય સિદ્ધ કરી શકી હોત.

ફિલ્મનો મધ્ય ભાગ નબળો પડે છે. સરકારી અધિકારીઓ સાથેની લડાઈનાં દૃશ્યો લાંબા ખેંચવાનો કારણે ફિલ્મ કેન્દ્રમાંથી ખસી જતી હોય એવું લાગે છે.

વનદેવતાની પૂજા કરનારા આદિવાસીઓ વર્ષોથી જંગલમાં રહે છે અને એ જ એમની સંપત્તિ છે. એકબાજુ જમીનદાર એમ માને છે કે આ બાધી જમીન એના પૂર્વજોની છે અને બીજી બાજુ સરકાર એમ માને છે કે આદિવાસીઓએ જમીન પર અતિક્રમણ કર્યું છે,આદિવાસીઓનો આ સંઘર્ષ છે. એ સંબંધમાં એમના દેવતાનું સ્થાન મહત્ત્વ છું. 'કોલા'ની વિવિધ વખતો ગામના ગેરુઓમાં દેવતા પ્રવેશે છે અને ભવિષ્યવાણી કરે છે. આ પ્રકારની ચમત્કારિક વાતો ગળે ન ઊતરે પણ આદિવાસીઓ માટે તો એજ શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધાનો વિષય છે. એ શ્રદ્ધાના બળે જ એ લોકો જીવતા હોય છે. 'કાંતારા' ફિલ્મમાં એ બધું વિગતે અને સુંદર રીતે બતાવ્યું છે. 'કોલા'ની વિધિ વખતે ગેરુઆ દ્વારા થતું નૃત્ય અને એની ઝીણી ઝીણ વિગતોનું ફિલ્માંકન સરસ રીતે થયું છે. પણ બિનજરૂરી હિંસા અને વાસ્તવિકતા બતાવવા ક્રૂર રીતે થતી હિંસા અટકાવી શકાઈ હોત. બેકગ્રાઉન્ડ સંગીત પણ જે તે અસરની તીવ્રતા વધારે છે. જુદા વિષયવસ્તુની ફિલ્મ જોવી હોય એને આ ફિલ્મમાં રસ પડે એમ છે.